**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 05-10-2023** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## ગુજરાત પુન: પ્રાપ્ય ઉર્જાનીતિ

રાજ્ય સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિની જાહેરાત કરી હતી. આ નિતી પવન, સૂર્ય અને હાઇબ્રીડ ટેકનોલોજી પર આધારિત પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહન આપનારી છે. આ નિતિનો સમયગાળો નવી પોલીસી જાહેર થતાં સુધીનો અથવા આગામી ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે.

આ નિતિ અંતર્ગત જમીન પરના સોલાર, રૂફટોપ સોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન્ડા અને વિન્ડ -સોલાર હાઇબ્રીડ પ્રોજેક્ટસને આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રીએ જાહેર કરેલી આ પોલીસી હેઠળના લાભો પ્રોજેક્ટ શરૂ થવાની તારીખથી ૨૫ વર્ષના અથવા રિન્યૂએબલ પ્રોજેક્ટસના લાઈફ ટાઈમ સમયગાળા પૈકી જે વહેલું હોય તે માટે લાગુ થશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-સેવા પખવાડિયું

રાજ્યમાં ગત ૧૭મી સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર દરમિયાન સેવા પખવાડિયા તરીકે યોજાયેલા આયુષ્યમાન ભવ: અભિયાનમાં ત્રણ લાખથી વધુ આયુષ્માન કાર્ડનું વિતરણ અને દસ લાખથી વધુ આભા કાર્ડ તૈયાર કરાયા છે.
રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આરોગ્ય અને સ્વાસ્થય સેન્ટર ખાતે ૧૮ હજાર ૩૦ આરોગ્ય મેળા યોજવામાં આવ્યા, જે આગામી ૩૧ ડિસેમ્બર સુધી દર શનિવારે યોજાશે. ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૯૫ તબીબી શિબિરો યોજવામાં આવી છે. જેમાં 182 જેટલી સર્જરી પણ સફળતાપૂર્ણ પાર પાડવામાં આવી..
ઉલ્લેખનીય છે કે, મિશન "અંત્યોદય"ના સંકલ્પ સાથે રાજ્યના પ્રત્યેક ગામમાં તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ પુરી પાડવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે.

**RNU અમદાવાદ**

---

## ઉજ્જવલા યોજના

કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે દિલ્હીમાં જણાવ્યું હતું કે, હવેથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને સિલિન્ડર દીઠ 200 રૂપિયાના બદલે 300 રૂપિયા સબસીડી અપાશે.

**RNU અમદાવાદ**

---

## નવી શિક્ષણનીતિ-વેબપોર્ટલ

રાજ્યમાં નવી શિક્ષણ નિતીના અમલીકરણ માટેની પશ્ચિમ વિભાગની કુલપતિઓની પરિષદ અંગેના વેબ પોર્ટલનો શુભારંભ કરાયો. રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે આ વેબ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અન્વયે પ્રી-વાઈબ્રન્ટ સમિટ તરીકે શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા નવી શિક્ષણ નિતીના અમલીકરણ માટેની પશ્ચિમ વિભાગની કુલપતિઓની પરિષદ આગામી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દિવ-દમણ અને દાદરાનગર હવેલી વિગેરે ૦૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષકવિદો ઉપસ્થિત રહેશે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-સંગીત નાટ્ય અકાદમી એવોર્ડમાં કચ્છના કલાકારો

ગુજરાત સરકારના યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમત વિભાગ હેઠળના સંગીત નાટય અકાદમી દ્વારા સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલા ક્ષેત્રે ગૌરવ પુરસ્કારની ગઇકાલે જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના વિવિધ કલાકારોની સાથે કચ્છના ત્રણ કલાકારોને ગૌરવ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવશે.

જાહેર કરાયેલી યાદીમાં વર્ષ 2018-19 મા લોકકલા ક્ષેત્રે જાણીતા લોકગાયિકા ગીતા રબારી તથા વર્ષ 2019-20 મા દેવરાજ ગઢવીને ગૌરવ પુરસકાર આપવાની જાહેરાત કરાઇ છે જ્યારે વર્ષ 2021-22 મા લોકકલા ક્ષેત્રે કચ્છના જોડિયા પાવાના કલાકાર નૂરમામદ સોઢાને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરાઇ છે. કચ્છના આ ત્રણેય કલાકારોએ કચ્છની કલા સંસ્કૃતિને ઉજાગર કરવા દેશ-દુનિયામાં અનોખી નામના મેળવી છે.

રામજી મેરીયા

---

## વાહન શોધ ઉપકરણ-મુદ્દત

રાજ્યમાં ખનિજ કામગીરી સાથે સંકળાયેલા વાહનોની નોંધણી કરીને ‘વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ’- VTD એટલે કે વાહન શોધ ઉપકરણ લગાવવાની મુદતમાં એક માસનો વધારો કરાયો છે.

આ નિર્ણય મુજબ, રાજ્યમાં ખનિજ કામગીરી સાથે સંકળાયેલા વાહનોને VTD લગાવવાની મુદત આગામી પહેલી નવેમ્બર, ૨૦૨૩ સુધી વધારવામાં આવી છે. રાજ્યના વિવિધ સંગઠનો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાનને લઈ VTD લગાવવાની મુદ્દત હવે પહેલી નવેમ્બર-૨૦૨૩ કરવામાં આવી છે તેમ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

**RNU અમદાવાદ**

---

## વિશ્વ કપ ક્રિકેટ-પ્રારંભ

ક્રિકેટના કાર્નિવલ સમા વિશ્વ કપ ક્રિકેટ જંગ નો આજ થી આરંભ થાય છે દોઢ મહિનો ચાલનારા ક્રિકેટ વિશ્વ કપમાં 10 સ્થળોએ  48 મેચ રમાશે આજે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઇંગ્લેન્ડ અને ન્યુઝી લેન્ડની ટીમો વચ્ચેના મુકાબલાથી પ્રારંભ થશે. આ મેચ બપોરે 2 વાગ્યે રમાશે. ભારત તેની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયાની ટીમ સામે ચેનાઈ ખાતે રમશે.

અત્રે ઉલ્લેખનીય છે કે,  ભારતમાં 1996 માં પ્રથમવાર વિશ્વ કપ ક્રિકેટ સ્પર્ધા યોજાઇ તેની પ્રથમ મેચ ઇંગ્લેન્ડ અને ન્યૂઝી લેન્ડ ની ટીમો વચ્ચે અમદાવાદ માં ગુજરાત સ્ટેડિયમ મોટેરા  ખાતે રમાઈ હતી આ વખતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પાંચ મેચ રમાશે અંતિમ જંગ પણ  19 મી નવેમ્બરનાં આજ મેદાન પર રમાશે.

**RNU અમદાવાદ**

---